# ડેન્ટલના બીજા રાઉન્ડમાં 206 બેઠક એલોટ કરવામાં આવી

**ડેન્ટલના** બીજા રાઉન્ડમાં પ્રથમ રાઉન્ડમાં ખાલી પડેલી તેમજ પ્રથમ રાઉન્ડમાં નોન-રિપોર્ટેડ અથવા કેન્સલ થયેલી 101 બેઠક હતી

**તેમાંથી** 87 બેઠક ગવર્નમેન્ટ ક્વોટા, 12 બેઠક મેનેજમેન્ટ ક્વોટા અને 2 બેઠક NRI ક્વોટાની હતી

**હજુ** 54 બેઠક ખાલી છે, હવે ત્રીજો રાઉન્ડ થશે

અમદાવાદઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે અનુસ્નાતક કક્ષાના ડેન્ટલ કોર્સમાં બીજા રાઉન્ડની ચોઇસ ફિલિંગ પ્રક્રિયા 19 સપ્ટેમ્બરથી 24 સપ્ટેમ્બર 2026 સુધી સવારે 10 વાગ્યા સુધી હાથ ધરવામાં આવી હતી. બીજા રાઉન્ડમાં કુલ 260 બેઠકોમાંથી 206 બેઠકો એલોટ કરવામાં આવી છે, જ્યારે 54 બેઠકો ખાલી રહી છે. એલોટમેન્ટ બાદ પ્રવેશ માટે ટ્યુશન ફી ભરવાની ઓનલાઈન પ્રક્રિયા આજથી 29 સપ્ટેમ્બર 2026ના રોજ બપોરે 3:30 વાગ્યા સુધી રાખવામાં આવી છે. જ્યારે નિયત એક્સિસ બેંકની શાખા ખાતે ટ્યુશન ફી ભરવાની પ્રક્રિયા આવતીકાલ તા. 25 સપ્ટેમ્બરથી 29 સપ્ટેમ્બર 2026ના રોજ બપોરે 3:30 વાગ્યા સુધી રહેશે. હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ માટે 25 સપ્ટેમ્બરથી 29 સપ્ટેમ્બર 2026ના રોજ સાંજે 4 વાગ્યા સુધીનો સમય રાખવામાં આવ્યો છે. બીજા રાઉન્ડમાં કુલ 260 બેઠકોમાંથી 206 બેઠકો એલોટ કરવામાં આવી છે, જ્યારે 54 બેઠકો ખાલી રહી છે. એલોટમેન્ટની વિગતો મુજબ 47 નવા એલોટમેન્ટ, 28 ટ્રાન્સફર-ઈન અને 131 પ્રવેશમાં કોઈ ફેરફાર નહીં સહિતની વિગતો દર્શાવવામાં આવી છે. કુલ 75 વિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરવાનું રહેશે. મેરિટમાં કુલ 384 વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો, જેમાંથી 310 વિદ્યાર્થીઓએ કન્સેન્ટ આપી હતી. ડેન્ટલના બીજા રાઉન્ડમાં પ્રથમ રાઉન્ડમાં ખાલી પડેલી તેમજ પ્રથમ રાઉન્ડમાં નોન-રિપોર્ટેડ અથવા કેન્સલ થયેલી કુલ 101 બેઠકોમાંથી 87 બેઠકો ગવર્નમેન્ટ ક્વોટા, 12 બેઠકો મેનેજમેન્ટ ક્વોટા અને 2 બેઠકો NRI ક્વોટાની હતી.

# ભ્રષ્ટાચાર પહેલાં જ બ્રેક: ગુજરાતમાં 3 મહિના 'પ્રિવેન્ટિવ વિજિલન્સ' એલર્ટ

**આગામી** તા.31 ઓક્ટોબરથી 6 નવેમ્બર સુધી સતર્કતા જાગૃતિ સપ્તાહ

**ત્યારબાદ** 10 સપ્ટેમ્બરથી 9 ડિસેમ્બર સુધી ચાલશે નિવારાત્મક ઝુંબેશ

**સરકારી** ખરીદી, કોન્ટ્રાક્ટ, નાણાકીય વ્યવહારો અને મહેસૂલ વહીવટમાં ખામીઓ શોધી સુધારાશે

**AI**, ડેટા એનાલિટિક્સ અને 'Predictive Vigilance'નો પણ ઉપયોગ કરાશે

ગાંધીનગરઃ ભ્રષ્ટાચાર થયા બાદ કાર્યવાહી કરવાની પરંપરાગત પદ્ધતિની સાથે હવે ભ્રષ્ટાચારની શક્યતા જ ઊભી ન થાય તે માટે ગુજરાત સરકાર 'પ્રિવેન્ટિવ વિજિલન્સ' પર ભાર મૂકશે. સતર્કતા જાગૃતિ સપ્તાહને માત્ર એક સપ્તાહ પૂરતો કાર્યક્રમ ન રાખી રાજ્યમાં 10 સપ્ટેમ્બરથી 9 ડિસેમ્બર, 2026 સુધી ત્રણ મહિનાની નિવારાત્મક સતર્કતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન સરકારી પ્રક્રિયાઓમાં રહેલી ખામીઓ, ભ્રષ્ટાચારના જોખમવાળા ક્ષેત્રો અને નબળી વ્યવસ્થાઓ ઓળખી તેમાં સુધારા લાવવા સાથે અધિકારીઓ-કર્મચારીઓને વ્યાપક તાલીમ આપવામાં આવશે. 'Probity for Prosperity' એટલે કે 'સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ'ની થીમ હેઠળ 31 ઓક્ટોબરથી 6 નવેમ્બર સુધી સતર્કતા જાગૃતિ સપ્તાહ યોજાશે. જોકે તેની સાથે ત્રણ મહિના સુધી ચાલનારી ઝુંબેશમાં સરકારી ખરીદીથી લઈને કોન્ટ્રાક્ટ મેનેજમેન્ટ, મહેસૂલ વહીવટ, નાણાકીય વ્યવહારો, સાયબર સુરક્ષા અને ડિજિટલ સેવાઓ સુધીના ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે.

## સરકારી ખરીદી પર ખાસ નજર

સરકારી ખરીદીની પ્રક્રિયામાં પારદર્શિતા વધારવા MSME અને વેન્ડર્સ માટે માસ્ટર ક્લાસ, વર્કશોપ અને કેમ્પ યોજાશે. 'સતર્ક સપ્લાયર, સ્ટ્રોંગ ગુજરાત' હેઠળ સરકારી ખરીદીના Dos & Don'ts અંગે માર્ગદર્શન અપાશે અને 500થી વધુ અધિકારીઓને તાલીમ આપવાનું આયોજન છે. IIT ગાંધીનગરના સહયોગથી 'Predictive Vigilance for Infrastructure' અંતર્ગત Data Analytics, Digital Twins અને અન્ય ડિજિટલ સાધનોના ઉપયોગથી જોખમનું મેપિંગ તથા Data-Driven Vigilance Stack અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સરકારી ખરીદીમાં ગેરરીતિ થવાની શક્યતા ઊભી થાય તે પહેલાં જ જોખમ ઓળખવાનો પ્રયાસ થશે.

## ફોરેન્સિક એકાઉન્ટિંગથી સાયબર હાઇજીન સુધી તાલીમ

નાણાકીય વ્યવહારોમાં ગેરરીતિ અટકાવવા ગુજરાત હિસાબી સેવાના અધિકારીઓને NFSUના સહયોગથી Forensic Accounting and Fraud Investigationની તાલીમ આપવામાં આવશે. ગૃહ વિભાગ, પોલીસ મહાનિયામક કચેરી અને NFSUના સહયોગથી અધિકારીઓ-કર્મચારીઓને સાયબર સિક્યોરિટી અને સાયબર હાઇજીન અંગે પણ તાલીમ અપાશે. મહેસૂલ વિભાગ દ્વારા Prevention of Corruption Act, શિસ્ત-અપીલ અને વર્તણૂક નિયમો, Ethics & Integrity અને Preventive Vigilance અંગે તાલીમ યોજાશે. RTI Act, Citizen Charter, સમયમર્યાદામાં નાગરિક સેવાઓ, ડેટા પ્રોટેક્શન, ફિશિંગ-સાયબર ફ્રોડ અને વહીવટમાં AIના ઉપયોગ અંગે પણ અધિકારીઓને તાલીમ અપાશે. સરકારી સેવાઓ અને પ્રક્રિયાઓને વધુ ડિજિટલ બનાવવાની સાથે નાગરિક પ્રતિસાદ અને ફરિયાદ નિવારણ વ્યવસ્થા મજબૂત કરવા પર પણ ભાર મૂકવામાં આવશે.

# GSOS ધોરણ-10 અને 12ની પરીક્ષા 30 નવેમ્બરથી લેવાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)ના ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહના ઉમેદવારો માટે નવેમ્બર-ડિસેમ્બર 2026ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. પરીક્ષા 30 નવેમ્બરથી 9 ડિસેમ્બર, 2026 દરમિયાન લેવામાં આવશે.

## ધોરણ-10ની પરીક્ષાઓ

| | | |
|---|---|---|
| 30 નવેમ્બરે | 10થી 1:15 વાગ્યા | વિજ્ઞાન, |
| 2 ડિસેમ્બરે | 10થી 1:15 વાગ્યા | સામાજિક વિજ્ઞાન |
| 3 ડિસેમ્બરે | 10થી 1:15 વાગ્યા | ગુજરાતી પ્રથમ ભાષા સહિત અન્ય ભાષા |
| 4 ડિસેમ્બરે | 10થી 1:15 વાગ્યા | અંગ્રેજી (દ્વિતીય) |
| 5 ડિસેમ્બરે | 10થી 1:15 વાગ્યા | ગુજરાતી (દ્વિતીય) |
| 7 ડિસેમ્બરે | 10થી 1:15 વાગ્યા | હિન્દી, સંસ્કૃત, સંઘી, ફારસી |

## ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા

| | | |
|---|---|---|
| 30 નવેમ્બરે | 10:30થી 1:45 | આંકડાશાસ્ત્ર |
| | 3 થી 6:15 | ભૂગોળ, |
| 1 ડિસેમ્બરે | 10:30થી 1:45 | અર્થશાસ્ત્ર |
| | 3 થી 6:15 | સંસ્કૃત- પ્રાકૃત |
| 2 ડિસેમ્બરે | 10:30થી 1:45 | વાણિજ્ય વ્યવસ્થા, |
| | 3 થી 6:15 | સમાજશાસસ્ત્ર |
| 3 ડિસેમ્બરે | 10:30થી 1:45 | સહકાર પંચાયત સહિતના વિષયો |
| | 3 થી 6:15 | ગુજરાતી સહિત તમામ ભાષા (પ્રથમ) |
| 4 ડિસેમ્બરે | 10:30થી 1:45 | રાજ્યશાસ્ત્રની |
| | 3 થી 6:15 | ગુજરાતી- અંગ્રેજી (દ્વિતીય) |
| 5 ડિસેમ્બરે | 10:30થી 1:45 | હિસાબના મૂળ તત્વો |
| | 3 થી 6:15 | હિન્દી (દ્વિતીય) |
| 7 ડિસેમ્બરે | 10:30થી 1:45 | સેક્રેટરીયલ પ્રેક્ટિસ અને વિશિષ્ટ પત્રવ્યવહાર |
| | 3 થી 6:15 | મનોવિજ્ઞાન |
| 8 ડિસેમ્બરે | 10:30થી 1:45 | ચિત્રકામ સાંસ્કૃતિક તથા ચિત્રકામ પ્રાયોગિક, સંગીત સૈદ્ધાંતિક અને મનોવિજ્ઞાન સહિતના વિષયો |
| | 3 થી 6:15 | તત્વજ્ઞાન |
| 9 ડિસેમ્બર | 3 થી 6:15 | ઈતિહાસ |

# રાજ્યની 53 હજારથી વધારે આંગણવાડીમાં 'આંગણાનો ઉત્સવ'

**25** સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર સુધી વિશેષ કાર્યક્રમો યોજાશે

**આંગણવાડી**, આશા વર્કર અને હેલ્પર બહેનોનું સન્માન, બાળકોને ફળ-કિટનું વિતરણ

**માતાઓને** સરકારી યોજનાઓની માહિતી અપાશે

ગાંધીનગરઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેરજીવનમાં 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગુજરાતની 53 હજારથી વધુ આંગણવાડીઓમાં 25 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર દરમિયાન 'આંગણાનો ઉત્સવ' યોજાશે.

આ કાર્યક્રમમાં બાળ વિકાસ, પોષણ અને માતા-બાળ આરોગ્ય ક્ષેત્રે કામગીરી કરતી આંગણવાડી બહેનો, આશા વર્કર અને હેલ્પર બહેનોનું સન્માન કરવામાં આવશે, જ્યારે આંગણવાડીમાં આવતા બાળકોને ફળ તથા વિવિધ કીટનું વિતરણ કરાશે.

'આંગણાનો ઉત્સવ' દરમિયાન બાળકોની માતાઓને પણ આમંત્રિત કરવામાં આવશે. માતાઓને સરકારની વિવિધ જનકલ્યાણલક્ષી યોજનાઓ અને ઉપલબ્ધ સેવાઓ અંગે સરળ ભાષામાં માહિતી આપવામાં આવશે, જેથી જરૂરિયાતમંદ પરિવારો સુધી યોજનાઓનો લાભ પહોંચાડવાની પ્રક્રિયાને વધુ વેગ મળી શકે.

બાળકોના વિકાસ અને માતા-બાળ આરોગ્ય ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવતી આંગણવાડી કાર્યકરો, આશા વર્કરો અને હેલ્પર બહેનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે વિશેષ સન્માન કાર્યક્રમો યોજાશે. રાજ્યભરની આંગણવાડીઓમાં એક દિવસ માટે યોજાનારા આ કાર્યક્રમમાં તેમની કામગીરીને બિરદાવવામાં આવશે.

આંગણવાડીમાં આવતા નાના ભૂલકાઓને કાર્યક્રમ દરમિયાન ફળ ઉપરાંત વિવિધ કીટનું વિતરણ કરવામાં આવશે. બાળ પોષણ અને વિકાસ સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં ઉત્સવનું વાતાવરણ ઊભું કરવામાં આવશે.

કાર્યક્રમમાં બાળકોની માતાઓને આમંત્રિત કરીને તેમના માટે ઉપલબ્ધ વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓ અંગે માહિતી આપવામાં આવશે. પરિવારોને સરકારી સુવિધાઓથી માહિતગાર કરવા તથા પાત્ર લાભાર્થીઓ સુધી કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવાના હેતુથી આ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે.

'આંગણાનો ઉત્સવ'માં ભાજપના આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, મહિલા મોરચાના સભ્યો અને કાર્યકરો પણ ઉપસ્થિત રહી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેશે. રાજ્યવ્યાપી આ કાર્યક્રમને બાળ વિકાસ, પોષણ, માતા-બાળ આરોગ્ય અને મહિલા સશક્તિકરણ સાથે જોડવામાં આવ્યો

## અમદાવાદમાં માર્ગ સલામતી બાઈક રેલી યોજાઈ



શાહીબાગ પોલીસ હેડ ક્વાટર્સથી અમદાવાદ પોલીસ દ્વારા માર્ગ સલામતી બાઈક રેલી યોજાઈ હતી. શહેર પોલીસ કમિશનર સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીઓ મોટી સંખ્યામાં બાઈક રેલીમાં જોડાયા હતા. માર્ગ સલામતી અંગે લોકોને જાગૃત કરવા રેલીનું આયોજન કરાયું હતું. **(તસવીર : જનક પટેલ, અમદાવાદ)**

# ચોટીલા નજીકથી 940 ગ્રામ અફીણ સાથે એક શખ્સ ઝડપાયો

**ધરપકડ** કરાયેલાની ઓળખ રાજુભાઇ ધળુભાઇ પરમાર તરીકે થઈ

**45 વર્ષનો રાજુ** પરમાર સુરેન્દ્રનગર જિલ્લાના સણવાઈ પરા ગામનો વતની છે

**પોલીસે** તેની પાસેથી અફીણની સાથે બે મોબાઈલ, બાઈક સહિતનો મુદ્દામાલ પણ કબજે કર્યો

ગાંધીનગરઃ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાથી થાનગઢ જવાના રોડ પર નાવા ગામની સીમમાં ખીજડાવાળા મામાદેવ મંદિર નજીક સીઆઈડી ક્રાઈમની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની ટીમએ 940 ગ્રામ અફીણ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

સીઆઈડી ક્રાઈમના પોલીસ અધિક્ષક લોકેશ યાદવના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી. બારોટની ટીમે ચોટીલાથી થાનગઢ જવાના રોડ પર નાવા ગામની સીમમાં ખીજડાવાળા મામાદેવ મંદિર પાસે વોચ ગોઠવીને મોટરસાઇકલ પર આવેલા શખ્સને રોકી તપાસ કરતાં તેની પાસેથી ગેરકાયદેસર અફીણનો જથ્થો મળી આવતા તેને ઝડપી પાડવામાં આવ્યો હતો.

ધરપકડ કરાયેલા શખ્સની ઓળખ રાજુભાઈ ધળુભાઈ પરમાર (ઉ.વ.45), રહે. હોલમાતાના મંદિર પાસે, સણવાઈ પરા, થાનગઢ, જિ. સુરેન્દ્રનગર તરીકે થઈ હતી, પોલીસે તેની પાસેથી 940 ગ્રામ અફીણ, કિંમત રૂ. 4.70 લાખ, બે મોબાઈલ ફોન કિંમત રૂ. 5,500 અને હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાઈકલ કિંમત રૂ. 15,000 મળી કુલ રૂ. 4.90 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સુડોકુ 'કૃતિ' ૬૬૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | ૯ | | ૮ | | ૧ |
| | | | | | | | | ૬ |
| ૪ | ૩ | ૧ | | ૭ | ૮ | ૨ | ૫ | ૯ |
| ૯ | ૮ | | ૧ | ૩ | | | ૨ | ૪ |
| ૫ | ૪ | ૩ | | | ૨ | ૧ | ૮ | ૭ |
| | ૨ | ૭ | ૪ | ૮ | ૫ | ૬ | ૯ | ૩ |
| | | | ૨ | ૪ | | ૩ | ૧ | |
| ૩ | | ૫ | | | ૬ | | ૭ | |
| | | ૪ | | | | ૯ | ૬ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### સફેદ ડાઘ

પીપળાની છાલ લાવી, ટુકડા કરી સૂકવી લો. ચૂર્ણ બનાવી લો. તેમાંથી 3 ગ્રામ ચૂર્ણ રોજ ત્રણ વાર પાણી સાથે લેવું. મીઠું બંધ કરવું.

## શબ્દગુંફન - ૭૨૫૩ અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. ગજાનન, ગણેશ (૪)
૪. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (3)
૭. ઝાંઝર (3)
૮. તેજ, ભપકો (3)
૧૦. ફકીર (૪)
૧૨. કામ (૨)
૧૩. રસ્તો, માર્ગ (૨)
૧૪. શબ્દ, બોલ (3)
૧૬. સરોવર કે પર્વત પરથી પડતો કુદરતી જળ પ્રવાહ (૨)
૧૮. આદમી (૨)
૧૯. કેફ, ખુમારી (૨)
૨૦. અરુચિ, અપ્રિતી (3)
૨૧. મિથુન ચક્રવર્તીની એક ફિલ્મ (૨)
૨૨. લાગ, પ્રસંગ (૨)
૨૩. નાત જમાડવી તે (૨)
૨૪. મોટું (3)
૨૫. મરજી (૨)
૨૬. પવન (૨)
૨૭. દુ:ખ (3)
૨૯. પીડવું તે (3)
૩૧. તંતુ, દોર (૨)
૩૨. બાતમી, પગેરું (3)
૩૩. માછલું (૨)
૩૪. અવાજ, ઘોષ (૨)

**ઊભી ચાવી**
૨. હાર, પંક્તિ (3)
3. શોધ (3)
૪. મંદ સ્મિત (૪)
૫. ખુમારી, અભિમાન (૨)
૬. આકાશ, ગગન (૨)
૯. માહિતગાર, જાણકાર (3)
૧૦. જોવુ તે (3)
૧૧. દુશ્મનાવટ, શત્રુતા (૨)
૧૩. રંગ, વર્ણ (૨)
૧૪. સીમા, મર્યાદા (૨)
૧૫. બીક (3)
૧૭. પુત્ર (3)
૧૮. લોકમત (૪)
૧૯. દોલત (૨)
૨૧. દાન આપનાર (૪)
૨૨. શરીર, દેહ (૨)
૨૩. વરદાન દેનાર (3)
૨૫. હેતુ, મુરાદ (૪)
૨૬. મોટરગાડી (૨)
૨૮. ઘોડી (3)
૩૦. આનંદ, લહેર (૨)
૩૧. આલાપ (૨)

# સ્વાગત ફરિયાદી માટે, ડેડલાઈન અધિકારીઓ માટે

**સપ્ટેમ્બરના** રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ 200થી વધુ અરજદારોની રજૂઆતો સાંભળવામાં આવી

ગાંધીનગરઃ ખેડૂત હોય કે સામાન્ય નાગરિક-સરકારી તંત્ર સમક્ષ પડતર રહેલી સમસ્યાના ઉકેલ માટે હવે ફરિયાદ માત્ર નોંધાઈને અટકી ન રહે તે માટે રાજ્ય સ્વાગતના માધ્યમથી સીધી સુનાવણી અને સમયમર્યાદિત નિરાકરણની પ્રક્રિયાને વેગ આપવામાં આવ્યો છે. સપ્ટેમ્બર-2026ના રાજ્ય સ્વાગતમાં 200થી વધુ અરજદારોની રજૂઆતો સાંભળવામાં આવી હતી અને ભાવનગર, મહેસાણા, જૂનાગઢ, મોરબી અને રાજકોટની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે સંબંધિત અધિકારીઓને સ્થળ ચકાસણીથી લઈને એક સપ્તાહ, 20 દિવસ અને એક મહિના સુધીની સમયમર્યાદા નક્કી કરીને કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

ભાવનગર તાલુકાના થળસર ગામમાં ભૂગર્ભ ગટરલાઈનનો પ્રશ્ન રજૂ થતાં હાલ વૈકલ્પિક વ્યવસ્થા કરવા અને સ્થળ ચકાસણી બાદ શક્યતા મુજબ ગટરલાઈન નાખવા સ્થાનિક તંત્રને સૂચના અપાઈ હતી. મહેસાણાના કડી વિસ્તારમાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષિત પાણીના નિકાલની ફરિયાદની ગંભીર નોંધ લઈ આવા એકમો સામે કડક પગલાં લેવા વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવને સૂચના આપવામાં આવી હતી. જૂનાગઢના માંગરોળ તાલુકાના લાબરકુવા-મેણેજ ગામના લાંબા સમયથી પડતર રસ્તાના કામ અંગે જિલ્લા કલેક્ટરને દિવાળી પહેલાં કામગીરી પૂર્ણ કરાવવા તાકીદ કરવામાં આવી હતી.

મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં ખેડૂતના ખેતરમાં STPનું ગંદુ પાણી છોડાતું હોવાની રજૂઆતમાં મુખ્યમંત્રીએ મ્યુનિસિપલ કમિશનરને 20 દિવસમાં 900 મીટરની પાઈપલાઈન નાખી સમસ્યાનું નિરાકરણ લાવવા સૂચના આપી હતી. રાજકોટમાં ભંગારના ધંધાને કારણે ટ્રાફિકમાં અડચણ ઊભી થતી હોવાની ફરિયાદમાં મ્યુનિસિપલ કમિશનરને તાત્કાલિક કાર્યવાહી કરવા અને જરૂર જણાય તો જગ્યા સીલ કરવા સાથે એક સપ્તાહમાં રજૂઆતનો નિકાલ કરવાનો નિર્દેશ અપાયો હતો. બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી વિસ્તારમાં એક ઉદ્યોગને છેલ્લા ત્રણ વર્ષથી બાંધકામ પરમિશન ન મળતી હોવાની રજૂઆત પણ રાજ્ય સ્વાગતમાં પહોંચી હતી. આ મામલે શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અને ચીફ ટાઉન પ્લાનરને જરૂરી કાર્યવાહી કરીને એક મહિનામાં નિરાકરણ લાવવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત ખેડૂતોના ખેતરોમાં વરસાદી પાણીના નિકાલ, સાફ-સફાઈ, દબાણો અને શહેરી વિકાસ સત્તામંડળને લગતી વિવિધ રજૂઆતો પર પણ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

ટેક્નોલોજીના ઉપયોગથી નાગરિકોની ફરિયાદોનું પરિણામલક્ષી નિરાકરણ લાવવા માટે શરૂ કરાયેલું 'સ્વાગત' તંત્ર હવે રાજ્યથી જિલ્લા અને તાલુકા સ્તર સુધી ફરિયાદ નિવારણનું માધ્યમ બની રહ્યું છે. સપ્ટેમ્બર-2026માં રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરે મળીને 5,000થી વધુ અરજદારોની રજૂઆતો પર કાર્યવાહી હાથ ધરાઈ છે.

## ગુજરાતે લોન્ચ કરી 'AI ગ્રીન સિટિઝન સ્કોર' એપ

# વૃક્ષ વાવો, કચરો અલગ કરો, સાઈકલ ચલાવો અને મેળવો 'ગ્રીન પોઈન્ટ્સ'

**પર્યાવરણલક્ષી** પ્રવૃત્તિઓનો ડિજિટલ રેકોર્ડ, ચકાસણી બાદ મળશે પોઈન્ટ્સ

**AI** આસિસ્ટન્ટ આપશે ગ્રીન પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન

ગાંધીનગરઃ હવે નાગરિકો પર્યાવરણ બચાવવા માટે કરેલી પોતાની નાની-મોટી પ્રવૃત્તિઓનો માત્ર અનુભવ જ નહીં, પરંતુ તેનો ડિજિટલ રેકોર્ડ પણ રાખી શકશે અને તેના આધારે પોતાનો 'ગ્રીન સ્કોર' મેળવી શકશે. ગુજરાત સરકારે નાગરિકોને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડવા માટે 'AI ગ્રીન સિટિઝન સ્કોર' મોબાઈલ એપ લોન્ચ કરી છે. વૃક્ષારોપણ, કચરાનું વિભાજન અને રિસાયક્લિંગ, પ્લાસ્ટિક એકત્રિત કરવું, જળ સંરક્ષણ, સાયકલિંગ, પગપાળા ચાલવું, જાહેર પરિવહન અને કારપૂલિંગ જેવી પ્રવૃત્તિઓ એપ પર નોંધાવી શકાશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ (GIL) દ્વારા તૈયાર કરાયેલી આ એપમાં નાગરિકોની પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓની ચકાસણી બાદ યોગ્ય પ્રવૃત્તિ માટે ગ્રીન પોઈન્ટ્સ આપવામાં આવશે. આ પોઈન્ટ્સના આધારે નાગરિકનો ગ્રીન સ્કોર તૈયાર થશે, જેના થકી પોતાની પર્યાવરણલક્ષી ભાગીદારીની પ્રગતિ પણ જોઈ શકાશે. એપમાં AI આધારિત સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લાગુ પડતી પ્રવૃત્તિઓમાં ફોટોગ્રાફ અને સ્થળની માહિતી સહિતની વિગતોના આધારે ચકાસણી કરવામાં AI મદદરૂપ બનશે. સાથે જ એપમાં રહેલો AI ગ્રીન આસિસ્ટન્ટ નાગરિકોને ગ્રીન પ્રવૃત્તિઓ, અભિયાનો અને ગ્રીન પોઈન્ટ્સ અંગે માર્ગદર્શન આપશે.

વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ નાગરિકોને આ પ્લેટફોર્મ સાથે જોડાઈ વધુને વધુ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અપીલ કરી છે. એપમાં ગ્રીન કેમ્પેઈન સાથે જોડાવાની સુવિધા ઉપરાંત લીડરબોર્ડ પણ આપવામાં આવ્યું છે. નાગરિકો પોતાની ગ્રીન પ્રવૃત્તિઓની પ્રગતિ ટ્રેક કરી શકશે અને પ્લેટફોર્મ પર પોતાનું સ્થાન જોઈ શકશે. જળ સંરક્ષણ, કચરા વ્યવસ્થાપન, ગ્રીન મોબિલિટી અને વૃક્ષારોપણ સહિત ટકાઉ જીવનશૈલીના વિવિધ ક્ષેત્રોને એપમાં આવરી લેવાયા છે.

## આજનું પંચાંગ

**તા. 25/09/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિઃ** સુદઃ ચૌદસઃ 23:08 અનંત ચતુર્દશી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો: 03
**યોગ :** શૂલ **કરણ:** ગર
**નક્ષત્ર :** શતભિષા:- 11:23 પછી પૂ.ભા.
**રાશિ:** કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** અશુભ- શ્રી ગણેશ વિસર્જન
**સુરતમાં સૂર્યોદય :** 06:29 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:31
**નવકારસી :** 07:17
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ,
**રાહુ કાળ :** સવારે: 10.30થી 12:00 સુધી

## આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વડીલો સાથે વિવાદ ટાળવા. ઘરમાં અશાંતિજનક વાતાવરણ રહે. સંતાનોના કામની ચિંતા સતાવે.

**વૃષભ (બ,વ,ઉ,):** પરિવારના કામમાં જીવન સાથીનો સાથ મળે. ઉંમરલાયકના વિવાહની વાત આગળ વધે. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** સ્વજનો સાથે સામાજીક કામ થાય. માનસિક અશાંતિ આરોગ્ય બગાડે. ઘરમાં વિવાદ ટાળવો. મહત્વનો કામ પાર પડે.

**કર્ક (ડ,હ,):** બાળકોની સમસ્યાનું સમાધાન થઈ શકે છે. બીનજરૂરી ખર્ચા વધશે. પ્રેમ જીવનમાં ધીરજ રાખવી.

**સિંહ (મ,ટ,):** સ્વાર્થીમિત્રોથી સાવધાન, સંતાનોની સમસ્યા સતાવે. વિદ્યાર્થીઓને મદદમ ળે. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**કન્યા (પ,ઠ,ણ,):** સર્જનાત્મક કાર્ય પાર પડશે. ધંધામાં આવક વધે. સમાજ જીવનમાં પ્રગતિ થાય. વડીલોનો સાથ મળે.

**તુલા (ર,ત,):** ધાર્મિક પ્રવાસમાં છેતરાઈ જવાથી બચવું. સંતાનોના કામમાં પ્રગતિ થાય. જીવન સાથીનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** હીત શત્રુઓથી નુકસાન થઈ શકે છે. આરોગ્ય નરમ રહે. કોઈની વાતોમાં લેવડ-દેવડ કરવી નહી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** મહત્ત્વના નવા ફેરફાર થાય. રાજકારણ સાથે જોડાયેલાની પ્રતિષ્ઠા વધે. જૂના કાયદાકીય પ્રશ્નો હલ થાય.

**મકર (ખ,જ,):** કામની કદર થાય. હાથ પરનો કામ પૂર્ણ કરવા. અચાનક નવી તક મળે. ખર્ચા વધશે. મન અશાંત રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધે. નવા સંબંધો બને. વફાદાર મિત્રોનો સાથ મળે. પરીક્ષામાં હકારાત્મક વલાતાવરણ રહે.

**મીન (દ,ચ,ઝ,થ,):** પરિવારમાં તાલમેળ રાખવો. ઘરના કામની ચિંતા સતાવે. નવા મકાનની યોજના બને. આક વધે.

## કોઈ પણ સાલમાં 25 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સંઘર્ષ મય રહેશે. નોકરીમાં નવી તક છતાં વિઘ્નો આવે. ટેકનોલોજીનું શિખવા મળે. સમાજમાં સામાન્ય રહે. નોકરી-ધંધા વ્યવસાયમાં હરીફો વધશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા વધે. આરોગ્ય નરમ-ગરમ રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધશે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. ઊંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની દોડધામ મહેનત વધે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં પ્રગતિ થાય. મિત્રો- વડીલોની મદદ, સામાજીક, જાયદાત, વારસા, જમીન, કાયદાકાનૂન બાબતે મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 07,16,25 તારીખે નવામ કામ કરવા. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05, 14, 23 તારીખે નવા કામ ટાળવાં, લીલો અને લાલ રંગ વાપરવાનું ટાળવું. કેતુ અને ચંદ્રના ઉપાય કરતાં રહેવું.